# ભારતમાં સહકારી પ્રવૃતિઓ

રજુકર્તા
ડો. રામ સોંદરવા
વહીવટી મેનેજર, કચ્છ યુનિર્વસિટી, ભૂજ

---

વર્તમાન આર્થિક વ્યવસ્થામાં સહકારી સંગઠન ધીમે–ધીમે પ્રચાર પામતુ એક મહત્વનું આર્થિક ક્ષેત્રે જે વિવિધ સમાજ રચનાઓ અસ્તિત્વમાં આવી છે. અને એના જ સ્વરૂપે વિકસ્યા છે. તેમાં સહકાર એક વિશિષ્ટ ભાત પાડતું સંગઠન છે અને આ સંગઠન એટલુ જ મજબૂત જણાતુ ગયુ છે કે તે સંગઠનને બદલે એક આર્થિક વ્યવસ્થા તરીકે પણ ઓળખાવવા લાગ્યુ છે. આ સંગઠનની વિશિષ્ટતા એ છે કે માત્ર આર્થિક ક્ષેત્રે નહી પરંતુ સામાજિક ક્ષેત્રે પણ ખૂબ મહત્વ ધરાવે છે. સહકારના વિવિધ સ્વરૂપોનો વિકાસ થયેલો હોવાથી ખરેખર સહકાર એ શું છે તેની સાદી સમજ સંક્ષેપમાં આપવાનું કામ મુશ્કેલ છે. વિવિધ દેશોમાં સહકારની રજુઆત જુદા જુદા ક્ષેત્રે થયેલી હોવાથી સર્વે સ્વીકૃત અને સર્વ વિગતોને આવરી લે એવી ાવિશાળ વ્યાખ્યા આપવામાં મુશ્કેલીઓ રહેલી છે. પરંતુ જે–જે પ્રવૃતિઓ સહકારના ધોરણે ચાલતી હોય તે બધાનું હાર્દ એકસરખુ રહે છે અને આષ્ટિબિંદુને લક્ષમાં રાખીને વિવિધ લેખકોએ સહકારની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે અને તેને આધારે સહકારના સિધ્ધાંતો તેમજ સહકારની મુખ્ય પ્રવૃતિઓ જાણી શકાય છે.

આજે તો ભારતમાં ખેતી પશુપાલન ઉદ્યોગ અને જાહેર સેવાઓ વગેરે ક્ષેત્રોમાં સહકારી પ્રવૃતિએ ઉત્તમ પરિણામો પ્રાપ્ત કર્યા છે તે ઉપરથી જ કહી શકાય કે ઓછી મૂડી મર્યાદિત સાધનો અને શ્રમની બહુલતાવાળા ભારતીય અર્થતંત્રમાં ગ્રામ અને શહેરી ક્ષેત્રમાં મુડીવાદી શોષણ સામે લોકોની આર્થિક સ્થિતિ સુધારવામાં સહકારી પ્રવૃતિ અસરકારક સાધન બની રહ્યું છે.

૧૯૦૪ થી શરૂ થયેલી સહકારી પ્રવૃતિ ઈતિહાસમાં વિવિધ મુકામોએ નવરચના પામીને આજે તે પ્રમાણે અને અસરકારકતામાં ખૂબ જ વિકાસ પામી છે.

**સહકારની વ્યાખ્યા :**

૧. સર હોટેલ પ્લકેટના મત મુજબ ..
"સહકાર એટલે સંગઠન દ્વારા અસરકારક બનાવવામાં આવેલો સ્વાશ્રય"

૨. એચ.કેલવેર્ટના મત મુજબ ..
"સહકાર એ એવા પ્રકારનું સંગઠન છે જેમાં વ્યકિતઓ સ્વેચ્છાએ સમાનતાના ધોરણે સંઘ રચે છે તેનો ઉદેશ્ય તેમના આર્થિક હિતોની જાળવણી કરવાનો હોય છે."

**સહકારના સિધ્ધાંતો :**

વિશ્વના વિવિધ દેશોમાં સહકારનો જે રીતે ઉદય થયો છે તે બધી વિગતોને લક્ષ્યમાં લેતા સહકારના સિધ્ધાંતોની તારવણી કરી શકાય છે. સહકાર વિશે વિવિધ નિષ્ણાંત લેખકો સહકારના મૂલ્ય સિધ્ધાંતોમાના કેટલાક વિશે મતભેદ ધરાવતા હોય છે. પરંતુ આવા મતભેદ મૂળભુત સ્વરૂપનો હોતો નથી. આથી સહકારના વિવિધ સિધ્ધાંતો આપણે લક્ષમાં જોઈએ જે મુખ્યત્વે નીચે પ્રમાણે છે.

**૧. સ્વૈચ્છિક સંગઠન :**



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-6-issue-80-december-2019/RRJ000072

સહકારના મૂળભુત પાયા તરીકે આ સિધ્ધાંતોને સ્વીકારવામાં આવે છે. દુનિયાના ઘણા દેશોના અનુભવના આધારે સહકાર માટે આ સિધ્ધાંત તારવવામાં આવ્યો છે. સહકાર એ સ્વેચ્છાએ અને કોઈના દબાણ કે લાગવગને વશ થયા વિના રચવામાં આવતુ સંગઠન છે. વ્યકિત સ્વતંત્ર રીતે વિચાર કરીને સંગઠનમાં જોડાય તે જ સ્વેચ્છાથી કામ કરવાની ધગશ અને ઉત્સાહ રહે. આ દરેક વ્યકિત બધા માટે છે અને બધી વ્યકિત દરેક માટે છે. તેવી ભાવના પેદા થાય સ્વૈચ્છિક સંગઠન હોય તો આવી ભાવના કેળવી શકાય.

**૨. લોકશાહી ઢબે સંચાલન :**

સહકારના સંચાલન માટે વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા હોય તે જરૂરી છે. સહકારની પ્રવૃતિમાં જોડાતી દરેક વ્યકિત પ્રવૃતિના સંચાલનમાં અસરકારક અવાજ રજુ કરવાની તક મળે તે જરૂરી છે. આ આવા સંચાલનમાં વ્યકિતગત દેખરેખ સ્થપાય અને વ્યકિતગત જવાબદારી સ્વીકારાય એ પણ એટલુ જરૂરી છે. સહકારમાં વહીવટ માટે લોકશાહી અને સંચાલન સ્વીકારવામાં આવે છે. દરેક તબકકે વહીવટ માટે સભ્યોનો અવાજ ધ્યાનમાં લેવામાં આવે છે.

**૩. અન્યોન્ય મદદ :**

સહકારના પાયામાં આ સિધ્ધાંત રહેલો છે. સહકારની કોઈપણ સંસ્થામાં જોડાનાર વ્યકિત અન્યોન્ય મદદ પ્રાપ્ત કરવાનું ધ્યેય રાખવી હોય છે. સહકાર જ એવી વ્યવસ્થા છે કે જેમાં વ્યકિત પોતાના સાધનોનો પોતાના માટે દરેક દરેક વ્યકિત પ્રયત્ન કરે અને તે અનુસારે બધાની જરૂરિયાત સંતોષી શકાય તેવી વ્યવસ્થા માત્ર સહકાર જ પુરી પાડે છે.

**૪. માત્ર નફાનું જ ધ્યેય નથી :**

અન્ય આર્થિક સંસ્થાઓ જેવી કે મૂડીવાદ જોઈન્ટ સ્ટોક કંપની વગેરે મુખ્યત્વે નફાના ઉદેશ્યથી કામ કરે છે. પરંતુ સહકારી સંસ્થાઓનું ધ્યેય નફો પ્રાપ્ત કરવાનું ધ્યેય નથી. સહકારી સંસ્થા પોતાના સભ્યોની આર્થિક સ્થિતિમાં સુધારો કરવાનો ઉદેશ જરૂર રાખે છે.

**૫. એક સમાજ જરૂરિયાત :**

સહકાર પાછળ દરેક વ્યકિતની જરૂરિયાત એક સરખી હોય તે હકીકત ઘણી મહત્વની છે. જો દરેકને એક સરખી જરૂરિયાત હોય તો તેઓ એકઠા થઈને સહકાર સાંધી શકે ને તે દિશામાં પ્રવૃતિ કરી શકે. આથી એમ કહેવામાં આવે છે. 'સહકાર' એક જાતની શ્રધ્ધા ધરાવનાર વ્યકિતઓની કોઈ એક સમાન જરૂરિયાત પુરી પાડી શકાશે. એવુ દ્રઢ મંતવ્ય હોય છે અને તે સિધ્ધ કરવા સહકારી સંસ્થાના સભ્યો પ્રયત્ન કરે છે.

**૬. પ્રચાર :**

સહકાર એ સ્વેચ્છાએ રચાતું સંગઠન છે અને સ્વેચ્છાએ સંગઠન રચવુ હોય તો તે માટે પ્રચારને અત્યંત આવશ્યક માનવામાં આવે છે. ગરીબ અજ્ઞાત અને અભણ પ્રજાને સહકાર દ્વારા મદદ થઈ શકે તેમ છે. પરંતુ તેમને ભાન કરાવવુ જોઈએ. આ ત્યારે જ થઈ શકે કે જયારે વિવિધ પ્રકારની સહકારી પ્રવૃતિની

વ્યવહારૂ કામગીરી વિશે માહિતી આપવાનું આવે અને તેનો બદલો પ્રચાર કરવામાં આવે. અમૂક સમયે સહકારને શરૂ કરવા જાહેરાત ખૂબ અગત્યની કામગીરી બજાવે છે.

**૭. તટસ્થ વલણ :**

સહકારનો મુખ્ય ઉદેશ સામાજિક અને આર્થિક ક્ષેત્રે વ્યકિતને મદદ કરવાનો હોય છે. આથી આ સિવાયની અન્ય બાબતો સહકારી સંસ્થા હાથ ધરે તે આવશ્યક છે. ધર્મ તથા રાજકીયી બાબતો પ્રત્યે તટસ્થતાને વલણ હોય તો જ સહકારની સંસ્થામાં બધી જ વિચારસરણીવાળા લોકો જોડાઈ શકે અને તે સંસ્થાની ધ્યેયો પાર પાડવા તેઓ સક્રિય બની શકે. આ દિશામાં જેને તટસ્થ વલણ અપનાવવુ જોઈએ.

**૮. નૈતિક ધોરણમાં સુધારો અને પ્રમાણિકતા :**

સહકારની સાચી સફળતા માટે લોકોનું નૈતિક ધોરણ સારૂ હોય અને લોકો પ્રમાણિક હોય એ જરૂરી છે. વિશ્વના વિવિધ દેશોમાં સહકારની જે પ્રગતિ થઈ છે તેમાં નૈતિક ધોરણે અને પ્રમાણિકતા નોંધપાત્ર ફાળો આપ્યો છે.

## સંદર્ભસૂચિ

**બાબુભાઈ કે. રબારી** (સંપાદક), સાબર ડેરી રજત જયંતિ – સ્મૃતિગ્રંથ, મેનેજીંગ ડીરેકટર સા.કા.જિ.સ.દૂ.ઉ.સં.લિ.

સાબરકાંઠા જિલ્લાનો એક પરિચય, જિલ્લા માહિતી કચેરી, હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાની સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ૪૩ મો વાર્ષિક અહેવાલ (૨૦૦૬–૦૭)